### સ્માર્ટ સિટીમાં સોના કરતાં ઘડામણ મોંઘી

# ૧૦ કરોડના LED બોર્ડથી આવક ૪૪ લાખ, વીજબિલ સવા કરોડ!

**હોર્ડિંગ ફ્રી શહેર** બનાવવાની લહાયમાં અગાઉની આવક પણ ગુમાવી



( પ્રતિનિધિ ) વડોદરા,તા.30

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત હાથ ધરવામાં આવેલી યોજનાઓ હવે કમાણીના બદલે મોટો ખોટનો સોદો સાબિત થઈ રહી છે. પાલિકા માટે "સોના કરતાં ઘડામણ મોંઘી" જેવો ઘાટ સર્જાયો છે. વર્ષ ૨૦૨૪માં અંદાજે ૧૦ કરોડ રૂપિયાના તોતિંગ ખર્ચે શહેરમાં ૩૬ જેટલા આધુનિક LED ડિસ્પ્લે બોર્ડ લગાવવામાં આવ્યા હતા, પરંતુ છેલ્લા બે વર્ષમાં આ બોર્ડ્સ પરથી પાલિકાને માત્ર ૪૪ લાખ રૂપિયાની જ આવક થઈ છે. તેની સામે આ LED બોર્ડ ચલાવવા માટેનું વીજબિલ જ ૧ કરોડ ૨૫ લાખ રૂપિયા આવી ચૂક્યું છે. આમ, જેટલી આવક મેળવી નથી તેના કરતાં અનેક ગણો આર્થિક બોજ પાલિકાની તિજોરી પર વીજળી બિલ પેટે આવી પડ્યો છે.

ડિજિટલ જાહેરાતો થકી માતબર આવક ઊભી કરવાની નેમ સાથે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા LED બોર્ડ કાર્યરત કરવામાં આવ્યા તે પૂર્વે આખા શહેરને 'હોર્ડિંગ ફ્રી' બનાવવાની જાહેરાત કરાઈ હતી. આ નીતિ અંતર્ગત પરંપરાગત હોર્ડિંગ્સ લગાવવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો. તેના લીધે અગાઉ પરંપરાગત હોર્ડિંગ્સથી કોર્પોરેશનને નિયમિતપણે જે આવક થતી હતી તે પણ બંધ થઈ ગઈ છે. ડિજિટલ માધ્યમથી મોટી કમાણીની આશા તદ્દન નિષ્ફળ નીવડતા હવે પાલિકાના સમગ્ર આયોજન અને આર્થિક નીતિઓ સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

ગત વર્ષે પાલિકા દ્વારા ૩૩ LED બોર્ડ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું, જેમાં મિનિમમ અપસેટ વેલ્યુ ૨ કરોડ ૬૧ લાખ રૂપિયા રાખવામાં આવી હતી. આ સિવાય, ટેન્ડરની શરતો અને પ્રોજેક્ટના અમલીકરણ સામે પણ ભારે વિરોધ અને વિવાદ સર્જાયો છે. આક્ષેપો થઈ રહ્યા છે કે ૧૦ કરોડના પ્રોજેક્ટ માટે ઈજારેદારો પાસેથી ૭૫ કરોડનું ટર્નઓવર માંગવામાં આવ્યું હતું અને માત્ર વિદેશમાં ઓફિસ ધરાવતી કંપનીઓ જ આમાં ભાગ લઈ શકે તેવી વિચિત્ર શરતો રાખવામાં આવી હતી.

### GSPCA દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યું

# આજવા રોડની ધ કલ્પ પ્લેસમાં મોનિટર લિઝાર્ડ ઘૂસતા ફફડાટ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.30

વડોદરા શહેરના આજવા રોડ વિસ્તારમાં આવેલા રેસિડેન્ટ ધ કલ્પ પ્લેસમા એક મોનિટર લિઝાર્ડ ઘૂસી આવતા રહીશોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. બનાવ અંગે ગુજરાત પ્રાણી ક્રુરતા નિવારણ સંસ્થાના વોલીએન્ટર દ્વારા તેનું રેસ્ક્યુ કર્યું તેને તેના કુદરતી વાતાવરણમાં રિલીઝ કરવામાં આવી હતી.

આજવા રોડ પર સોસાયટીના કમ્પાઉન્ડમાં મોટા કદના ગરોળી જેવા દેખાતા જીવને જોતા રહીશોએ તાત્કાલિક ગુજરાત પ્રાણી ક્રુરતા નિવારણ સંસ્થા જીએસપીસીએની હેલ્પલાઈન પર કોલ કર્યો હતો. કોલ મળતાની સાથે જ સંસ્થાના વોલેન્ટિયર યશ પટેલ સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે ખૂબ જ સાવચેતી અને સૂઝબૂઝથી કોઈને પણ નુકસાન ન થાય તે રીતે મોનિટર લિઝાર્ડને



સુરક્ષિત રીતે પકડી લીધી હતી. રેસ્ક્યુ બાદ પ્રાથમિક તપાસ કરતા લિઝાર્ડ સંપૂર્ણ સ્વસ્થ જણાઈ હતી. ત્યારબાદ વન વિભાગના માર્ગદર્શન હેઠળ તેને વાતાનુકૂલિત વાતાવરણમાં મુક્ત કરવામાં આવી હતી. સંસ્થા દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે, ચોમાસા દરમિયાન આવા જીવોથી ખાસ સાવધ રહેવાની જરૂર હોય છે.

# લિસ્ટેડ બુટલેગરના ઈશારે પોલીસની રેડ?

## દારૂ પકડવા ગયેલી પોલીસ સાથે 'બાતમીદાર' પણ રેડમાં!



ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

વડોદરા શહેરમાં દારૂબંધીનો કાયદો કાગળ પર મજબૂત છે, પરંતુ જમીન પર દારૂના ધંધામાં હવે એક નવો 'સહયોગ મોડલ' ચર્ચામાં છે! કથિત રીતે લિસ્ટેડ બુટલેગર બાતમી આપે, પોલીસ રેડ પાડે અને સાહેબ પોતે જ પોલીસ સાથે સ્થળ પર પહોંચી જાય... તો સવાલ થાય કે આ રેડ હતી કે પછી 'પસંદગીના બુટલેગરને માર્કેટમાંથી હટાવવાની કાર્યવાહી'?

ચર્ચા એવી છે કે એક બુટલેગર રાજ્ય બહારથી વિદેશી દારૂનો જથ્થો લાવીને વેચાણ કરતો હતો. આ વાતની બાતમી એક લિસ્ટેડ બુટલેગરે પોલીસને આપી અને ત્યારબાદ પોલીસ સાથે તે પોતે પણ રેડમાં પહોંચ્યો હોવાની ચર્ચા છે.

દારૂ ઝડપાયા બાદ મામલો અહીં અટક્યો નહીં. ઝડપાયેલા યુવકને કથિત રીતે 'મારી પાસેથી દારૂ કેમ નથી લેતો?' કહીને માર મારવામાં આવ્યો હોવાના આક્ષેપો છે. ત્યારબાદ સાથે આવેલા પોલીસ કર્મચારીએ પણ યુવકને ફટકાર્યો હોવાની ચર્ચા છે.

હવે સવાલ સીધો છે–પોલીસ દારૂ પકડવા ગઈ હતી કે બુટલેગરનું માર્કેટ મેનેજમેન્ટ કરવા?

જે લિસ્ટેડ બુટલેગરનું નામ ચર્ચામાં છે, તેની સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધાયેલો હોવાની માહિતી હોવા છતાં તે પોલીસ સાથે રેડમાં કેવી રીતે પહોંચ્યો? પોલીસની કાર્યવાહીનું 'એક્સેસ પાસ' શું હવે બુટલેગરો પાસે પણ છે?

સૌથી મોટો સવાલ એ છે કે રેડમાં ગયેલા પોલીસ કર્મચારીઓ કોણ હતા? યુવકને માર મારનાર કર્મચારી કોણ હતો? સમગ્ર ઘટનાના CCTV, મોબાઈલ લોકેશન અને કોલ ડિટેઈલ્સ તપાસાશે કે પછી ફાઈલ પણ 'દારૂની બોટલ'ની જેમ ક્યાંક ગાયબ થઈ જશે?

### આરોપી એડવોકેટ કોના 'છૂપા આશીર્વાદ'થી હજુ પોલીસની પહોંચ બહાર?



ગેંગરેપ અને એટ્રોસિટી જેવા ગંભીર ગુનામાં મુખ્ય આરોપી તરીકે નામ સામે આવ્યા બાદ ફરિયાદને 20 દિવસથી વધુ સમય વીતી ગયો હોવા છતાં છોટાઉદેપુર પોલીસ હજુ સુધી આરોપી એડવોકેટ સુધી પહોંચી શકી નથી–કે પછી પહોંચવાની જરૂરિયાત જ નથી લાગી રહી? આ સવાલ હવે વકીલ વર્તુળોથી લઈને સામાન્ય નાગરિકોમાં પણ ચર્ચાઈ રહ્યો છે.

સામાન્ય રીતે છેડતી જેવા ગુનામાં પણ પોલીસની કાર્યવાહી ઝડપથી થઈ જાય છે, ત્યારે ગંભીર ગુનાના આરોપીને લઈને આટલી 'ધીમી ગતિ' કેમ? શું આરોપી વકીલ છે એટલે કાયદાની પ્રક્રિયા પણ થોડી 'કાયદાકીય છૂટછાટ' સાથે ચાલી રહી છે?

વધુ રસપ્રદ વાત એ છે કે ફરિયાદ બાદ આરોપીએ મીડિયા સમક્ષ ખુલ્લેઆમ ઈન્ટરવ્યૂ આપ્યા હોવાના, આક્ષેપો કર્યા હોવાના અને સોશિયલ મીડિયા પર જાહેર પોસ્ટ્સ મૂક્યાના દાવા થઈ રહ્યા છે. એટલે કે આરોપી જાહેરમાં સક્રિય છે, પરંતુ પોલીસની કાર્યવાહી જાણે 'સાઈલેન્ટ મોડ'માં છે!

ચર્ચા તો એવી પણ છે કે આરોપીને આ 'સ્પેશિયલ ટ્રીટમેન્ટ' કોના ઈશારે મળી રહી છે? પોલીસ પર કોઈ દબાણ છે કે પછી આરોપીની ઓળખ જ તેની માટે પૂરતી 'સિક્યોરિટી' બની ગઈ છે?

ઉલ્લેખનીય છે કે આરોપીનો ભાઈ હાલ જજ હોવાનું પણ સામે આવ્યું છે. હવે સ્વાભાવિક રીતે સવાલ ઉઠે છે કે આ સંબંધનો તપાસ પર કોઈ પ્રભાવ છે કે નહીં?

દરમિયાન, ભોગ બનનાર દ્વારા આરોપીએ મીડિયા સમક્ષ ધમકી આપી હોવાના અને તેની ઓળખ જાહેર કરી હોવાના આક્ષેપ અંગે અકોટા પોલીસ સ્ટેશનમાં અલગ ફરિયાદ આપવામાં આવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળે છે.

હવે જોવાનું એ રહ્યું કે છોટાઉદેપુર પોલીસ 'આરોપી ક્યાં છે?'નો સવાલ પૂછશે કે 'આરોપીને કેમ નથી પકડ્યો?'નો સવાલ પણ ટાળશે?

સૌથી મોટો સવાલ તો એ જ–કાયદો ખરેખર બધા માટે સરખો છે કે કેટલાક માટે 'વેઈટિંગ લિસ્ટ' અલગ હોય છે?

### મારું નામ આપી દેજો, પોલીસ નહીં પકડે!' દારૂના અડ્ડા પર બુટલેગરની ગેરન્ટી



વડોદરાના પોશ વિસ્તારમાં શિક્ષણના મંદિરોથી થોડા જ મીટરના અંતરે દેશી-વિદેશી દારૂનો કથિત 'ઓલ ટાઈમ' ધંધો ધમધમી રહ્યો હોવાની ચોંકાવનારી ચર્ચા સામે આવી છે. વહેલી સવારથી મધરાત સુધી દારૂ-બિયરના ગ્રાહકોની અવરજવર રહેતી હોવાના દાવા વચ્ચે પોલીસની રેડ પડે તો હાથમાં આવે માત્ર 180 એમ.એલ.ના 7 ક્વાર્ટર!

અર્થાત્, જો સ્થાનિક ચર્ચાઓ સાચી હોય તો દારૂના અડ્ડા પર જાણે 'મિની સ્ટોક ક્લિયરન્સ' ચાલી રહી હતી!

મહિલા સહિતના બુટલેગરો દ્વારા દારૂનું ખુલ્લેઆમ વેચાણ થતું હોવાનો વીડિયો વાયરલ થયા બાદ પોલીસ દોડતી થઈ અને રેડ કરી. રેડમાં રૂ.700નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પરંતુ હવે સવાલ એ છે કે જ્યાં દરરોજ 500થી વધુ ગ્રાહકોની અવરજવર હોવાના દાવા થઈ રહ્યા છે, જ્યાં સવારથી રાત સુધી ગ્રાહકોની લાઈનો લાગતી હોવાની ચર્ચા છે, ત્યાં પોલીસને માત્ર સાત ક્વાર્ટર જ કેમ મળ્યા?

શું રેડ પહેલાં દારૂનો સ્ટોક 'હોમવર્ક' કરીને ગાયબ કરી દેવાયો હતો? કે પછી અડ્ડો એટલો શિસ્તબદ્ધ છે કે પોલીસ આવે ત્યારે દારૂ પણ હાજરી આપવાનું ટાળે છે?

વધુ રસપ્રદ દાવો તો એવો થઈ રહ્યો છે કે ગ્રાહકોને કથિત રીતે કહેવામાં આવે છે–'દારૂ સાથે પોલીસ પકડે તો મારું નામ આપી દેજો, તમને પોલીસ નહીં પકડે!'

જો આવું ખરેખર કહેવામાં આવતું હોય તો સવાલ માત્ર દારૂના વેચાણનો નથી; સવાલ એ છે કે આવી 'ગેરન્ટી સ્કીમ' પાછળ આત્મવિશ્વાસ ક્યાંથી આવે છે?

આ વિસ્તારમાં શાળાઓ અને છાત્રાલયોની નજીકથી દારૂનું વેચાણ થતું હોવાના આક્ષેપો વચ્ચે સ્થાનિક રહીશો ભયના કારણે ફરિયાદ કરતા હોવાની પણ ચર્ચા છે. બાળકો અને વિદ્યાર્થીઓ પર તેની અસર અંગે પણ ગંભીર સવાલો ઊભા થાય છે.

ભાવનગર લઠ્ઠાકાંડ બાદ રાજ્યભરમાં દારૂના ગેરકાયદે નેટવર્ક સામે કડક કાર્યવાહીનો માહોલ છે. ત્યારે વડોદરામાં જો આવા અડ્ડા ખરેખર આટલી નિર્ભયતાથી ચાલતા હોય તો પોલીસની રેડ કાયદાની કાર્યવાહી છે કે માત્ર 'ફોર્માલિટી પૂરી' કરવાની વિધિ?

હવે જોવાનું એ રહેશે કે પોલીસ સાત ક્વાર્ટરની ગણતરીથી સંતોષ માને છે કે પછી 'મારું નામ આપી દેજો' જેવી કથિત ગેરન્ટી પાછળનું આખું નેટવર્ક પણ શોધશે?

### જુનીગઢી મિત્ર મંડળ દ્વારા શ્રીજીનું ભવ્ય આગમન

# ઢોલ-નગારા- જયઘોષ સાથે શોભાયાત્રાએ આકર્ષણ જમાવ્યું

વડોદરાઃ વિહાર ટોકીઝ પાસેથી હર્ષોલ્લાસ અને ભક્તિમય માહોલમાં પ્રસ્થાન કરેલી જુનીગઢી મિત્ર મંડળની શ્રી ગણેશજીની ભવ્ય આગમન સવારી શહેરના મુખ્ય માર્ગો પર ફરીને માંડવી પહોંચી છે. વિહાર ટોકીઝથી શરૂ થયેલી આ શોભાણયાત્રા ગેંડીગેટ દરવાજા, માંડવી અને ચાંપાનેર દરવાજા થઈને પોતાના ગંતવ્ય સ્થાન જુનીગઢી તરફ આગળ વધી રહી છે.આગમન સવારી દરમિયાન સમગ્ર માર્ગ પર ગણેશભક્તોમાં ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો છે. ઢોલ-નગારાના તાલ, બેન્ડબાજાના સૂર અને ગણપતિ બાપ્પાના ગગનભેદી જયઘોષથી વાતાવરણ ગુંજી ઊઠ્યું છે. રસ્તાની બંને બાજુએ ઉભેલા ભાવિક ભક્તો દ્વારા વિઘ્નહર્તા શ્રીજીના દર્શન કરી તેમના પર ભાવાંજલિ રૂપે પુષ્પવર્ષા કરવામાં આવી રહી છે. ઠેર-ઠેર વિવિધ



મંડળો અને સ્થાનિક રહીશો દ્વારા આરતી ઉતારીને આગમન સવારીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવી રહ્યું છે. "ગણપતિ બાપ્પા મોરયા, મંગલ મૂર્તિ મોરયા"ના નાદ સાથે સમગ્ર પંથક ભક્તિરસમાં સરોબોર થઈ ગયો છે. આ ભવ્ય શોભાયાત્રામાં બાળકો, યુવાનો અને બહેનો સહિત મોટી સંખ્યામાં ભક્તજનો જોડાઈને બાપ્પાના સ્વાગતનો લહાવો લઈ રહ્યા છે.

### બાજવામાં પ્રેમ સંબંધ તોડી નાખવા યુવક અને તેની માતાએ ધમકી આપી હતી

# પ્રેમ સંબંધનો કરૂણ અંજામ : યુવતીએ ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.30

બાજવા નેહરૂનગરમાં પ્રેમસંબંધનો કરુણ અંજામ સામે આવ્યો છે. 19 વર્ષીય પૂજાએ ઘરમાં પંખાના હુક સાથે ઓઢણી બાંધી જીવન ટૂંકાવ્યું હતું. પરિવારનો આક્ષેપ છે કે પાડોશમાં રહેતો આકાશ સોમલાલ સપકાળે અને તેની માતા શોભાબેન દ્વારા પ્રેમસંબંધ બાબતે પૂજાને વારંવાર હેરાન અને ધમકાવવામાં આવતી હતી. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે પોલીસ તપાસ દરમિયાન મોબાઈલમાંથી મળેલી ઓડિયો ક્લિપ્સમાં પૂજા રડતા રડતા "મરી જઈશ" જેવી વાત કરતી સંભળાતા રહસ્ય વધુ ઘુટાયુ છે. પોલીસે પ્રેમી યુવક અને તેની માતા વિરુદ્ધ આપઘાત કરવા માટે દુષ્પ્રેરણા આપ્યાનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

બાજવા નેહરૂનગર વિસ્તારમાં રહેતી પૂજા ભુરીયા પરિવાર સાથે રહેતી હતી અને મજૂરી કામ કરતી હતી. તા.18 ડિસેમ્બર 2023ના રોજ બપોરના સમયે પરિવારના સભ્યોને જાણ થઈ હતી કે પૂજાએ રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધો છે અને તે દરવાજો ખોલતી નથી. પરિવારજનો ઘરે પહોંચ્યા ત્યારે પૂજા પંખાના હુક સાથે ઓઢણી બાંધી લટકતી હાલતમાં મળી આવી હતી. પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવ્યા બાદ તેને નીચે ઉતારી તપાસ કરતાં તબીબે મૃત જાહેર કરી હતી.પૂજાને પાડોશમાં રહેતા આકાશ સોમલાલ સપકાળે સાથે પ્રેમસંબંધ હતો. આકાશ દ્વારા ફોન પર તેમજ રૂબરૂમાં પ્રેમસંબંધ બાબતે પૂજાને વારંવાર હેરાન કરવામાં આવતી અને ધમકીઓ આપવામાં આવતી હોવાનો આક્ષેપ છે. આકાશની માતા શોભાબેન પણ પૂજાના ઘરે આવી પ્રેમસંબંધ તોડી નાખવા માટે ધમકી આપતી હોવાનો પરિવારનો આરોપ છે.પોલીસ તપાસ દરમિયાન પૂજાના મોબાઈલ ફોનમાંથી મળેલા ડેટાની એફએસએલ તપાસ કરવામાં આવી હતી. તેમાં ઓડિયો ક્લિપ્સ મળી આવી હોવાનું છે. આ ક્લિપ્સમાં પૂજા રડતા રડતા આકાશ સાથે વાત કરતી વખતે પોતે ખૂબ પરેશાન હોવાનું અને જીવન ટૂંકાવી લેવાની વાત કરતી સંભળાય છે. પરિવારે આકાશ અને તેની માતા વિરુદ્ધ પૂજાને માનસિક ત્રાસ આપી મરવા માટે મજબૂર કરવાનો આક્ષેપ કરી કાયદેસરની કાર્યવાહી અને તપાસની માંગ કરી છે. પોલીસ દ્વારા ઓડિયો ક્લિપ્સ, મોબાઈલ ડેટા તેમજ પરિવારજનોના નિવેદનો સહિતના મુદ્દાઓને આધારે સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી છે.

### ગેસના બોટલ સહિતના સામાનની ચોરી કરી તસ્કરો પલાયન

# સુસેન સર્કલથી વડસર જતા માર્ગે ઊભેલી ત્રણ લારીઓના તાળા તૂટ્યા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.30

વડોદરા શહેરના સુસેન સર્કલથી વડસર બ્રિજ તરફ જતા મુખ્ય માર્ગ પર આવેલી ખાણી પીણાની લારીઓમાં ચોરીનો બનાવ સામે આવતા નાના વેપારીઓમાં ચિંતા વ્યાપી ગઈ છે. એક સાથે ત્રણથી વધુ લારીઓને નિશાન બનાવી તસ્કરો ગેસના બોટલ,બેટરી સહિતના સામાનની ચોરી કરી પલાયન બનતા માંજલપુર પોલીસ દ્વારા આગળની તપાસ હાથધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મધરાત્રે અજાણ્યા તસ્કરો આ વિસ્તારમાં ઉભી રાખેલી લારીઓને નિશાન બનાવી હતી. તસ્કરોએ ત્રણ જેટલી લારીઓના તાળા તોડી અંદરથી ગેસના બાટલા સહિત રોકડ અને અન્ય સામાનની ચોરી કરી હતી. આ ચોરીના બનાવમાં શ્રી સાંવરિયા





સાઉથ ઈન્ડિયન નામની લારીના ધારકને વધુ નુકસાન થયું છે. લારી ધારકે સમગ્ર ઘટનાને લઈને માંજલપુર પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી છે. તેમના જણાવ્યા મુજબ રાત્રે લારી બંધ કરીને ગયા બાદ સવારે આવતા તાળા તૂટેલા જોવા મળ્યા હતા અને અંદરથી ગેસના બાટલા, બેટરી સહિતનો સામાન ગાયબ હતો. બનાવ અંગે જાણ થતા માંજલપુર પોલીસે સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી છે અને અરજીના આધારે આગળની કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. સતત બીજી વખત આ વિસ્તારમાં ચોરી થતા લારી ધારકોમાં રોષ જોવા મળી રહ્યો છે. રાત્રિના સમયે પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવે અને તસ્કરોને ઝડપી પાડવામાં આવે તેવી માંગ લારી ધારકોએ કરી છે.

### વડોદરાના અકોટામાં માનવતા મહેકી

# રક્તદાન કેમ્પમાં ૧૨૫ થી વધુ યુનિટ રક્ત એકત્રિત થયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૦

માનવતાની સેવા અને રક્તદાન અંગે જાગૃતિના દ્રઢ સંદેશ સાથે વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં એક વિશાળ રક્તદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. અકોટા મદ્રેસા હોલ ખાતે યોજાયેલા આ સેવાકીય કાર્યક્રમમાં અકોટા યુનિટ જમીયતુલમાએ હિન્દ, અકોટા ખિદમત ગ્રુપ, અકોટા ફ્રેન્ડ સર્કલ અને બરોડા ખિદમત કમિટીના સંયુક્ત ઉપક્રમે વિશેષ પહેલ કરવામાં આવી હતી. આયોજકો દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આ ચારેય સંસ્થાઓ દર વર્ષે વિવિધ બ્લડ બેંકોના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરે છે. વડોદરા શહેર અને આસપાસના વિસ્તારમાંથી સયાજી હોસ્પિટલ તેમજ અન્ય હોસ્પિટલોમાં આવતા ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને તાત્કાલિક લોહી મળી રહે તથા દર મહિને



નિયમિત રક્તની આવશ્યકતા રહેતા થૅલેસેમિયાના પીડિત બાળકો માટે આ બ્લડ સ્ટોક મોટો સહારો બને છે. કેમ્પમાં અકોટા વિસ્તારના નવયુવાનોએ ઉત્સાહપૂર્વક આગળ આવીને રક્તદાન કર્યું હતું. ખાસ ઉલ્લેખનીય છે કે આ કેમ્પમાં માત્ર પુરુષો જ નહીં, પરંતુ મોટી સંખ્યામાં મહિલાઓ પણ ઉપસ્થિત રહીને રક્તદાન કર્યું હતું, જે નારી શક્તિ અને સામાજિક જાગૃતિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

### ખાડાઓમાં પાણી ભરાઈ જતાં બાઈક ચાલકો મોતનું જોખમ

# સીમળી-કોલીયાદ માર્ગ પર ખાડાઓથી ચાલકો પરેશાન

( પ્રતિનિધિ ) કરજણ,તા.30

કરજણ તાલુકાના સીમળી ગામને કોલીયાદ થી ને.હા 48 ને જોડતો રોડ બિસ્માર થતાં રાહદારીઓ સાથે સ્થાનિકો હેરાન થઈ રહ્યા છે વર્ષો પહેલા બનેલ રોડ ઉપર સીમળી થી શરૂપુર ટીબી ને જોડતો માર્ગ ઉપર ઠેરઠેર ખડાઓ પડતા અવર જવર કરતા સ્થાનિક ગ્રામજનો અને વાહન ચાલકો હેરાન થઈ રહ્યા છે સીમળી. કંથારીયા.લતીપુર ટીબી.કલા.બચાર. ઉરદ જેવા ગામોના લોકો માટે હાઈવે અને કરજણ આવવા માટે ઉપયોગી માર્ગ હાલમાં બિસ્માર બન્યો છે સાથે સાથે નારેશ્વર પંથકના અનેક ગામોના લોકો આ રોડનો હાઈવે ઉપર ભરૂચ. પાલેજ જવા માટે શોર્ટ કટ હોય જેને લઈ રોડ ઉપર થી હજારોની સંખ્યિામાં સ્થાનિકો.નોકરિયાત. વિધાર્થીઓ ઉપીયોગ કરતા હોય છે ત્યારે રોડ ઉપર અનેક જગીયાઓ





ઉપર સર્જાયેલા ખડાઓને લઈ લોકો હેરાન થઈ રહ્યા છે જર્જરીત રોડ અને સાંકડો રોડ હોય જેને લઈ સમય ની સાથે શારિરીક નુકસાન અને ગાડીઓને નુકસાન થઈ રહ્યું છે ત્યારે રોડ ઉપર આવેલા ગ્રામજનો વહેલી તકે બિસ્માર બનેલ રોડ ઉપર યોગ્ય ડામરના મટેરિયલ સાથે ખડાઓ પુરવામાં આવે એવી માંગ કરી રહ્યા છે વરસાદમાં ખાડાઓને કારણે પાણી ભરાવવાથી અકસ્માતનો ભય હોય અને રોડ સાકડો અને આજુબાજુ જાડી જાખરડાનું સામ્રાજ્ય છે.

# ફરી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થવાની શક્યતા, તાપમાન ૩૪.૪ ડિગ્રી નોંધાયું

( પ્રતિનિધિ ) વડોદરા, તા.30

હાલમાં સક્રિય થયેલી હવામાન પ્રણાલીને લઈને રાજ્યમાં ફરી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. મુખ્ય મોન્સૂન ટ્રફ બંગાળની ખાડીમાં સર્જાયેલા લો-પ્રેશર એરિયા સુધી વિસ્તરેલી છે. બંગાળની ખાડી અને ઓડિશા-પશ્ચિમ બંગાળ કિનારે બનેલું લો-પ્રેશર ક્ષેત્ર હાલ સ્થિર છે અને તેની સાથે જોડાયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન 7.6 કિમી સુધી સક્રિય છે. આ સિસ્ટમ આગામી 48 કલાકમાં વધુ મજબૂત બનીને પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધશે, જેની સીધી અસર ગુજરાત પર જોવા મળશે. છેલ્લા 24 કલાકમાં વડોદરા શહેરનું મહત્તમ તાપમાન 34.4 ડિગ્રી નોંધાયું છે, જે સામાન્ય કરતા 2.2 ડિગ્રી વધુ છે. જ્યારે લઘુત્તમ તાપમાન 27 ડિગ્રી નોંધાયું છે, જે સામાન્ય કરતા 1.8 ડિગ્રી વધુ છે. શહેરમાં વરસાદ નોંધાયો નથી. સવારે હવામાં ભેજનું પ્રમાણ 72% હતું, જે સાંજે ઘટીને 57% થયું હતું.

### સુંદરપુરા પાટિયા પાસે અકસ્માત

# વીજ થાંભલા સાથે ધડાકાભેર અથડાઈને ડમ્પર ખાડામાં ખાબક્યું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.30

વડોદરા શહેરના જામ્બુવા બાયપાસથી પોર તરફ જતા મુખ્ય માર્ગ પર સુંદરપુરા પાટિયા પાસે બેકાબૂ ડમ્પરે ગંભીર અકસ્માત સર્જતા અફરાતફરી મચી ગઈ હતી. વીજ થાંભલા સાથે ધડાકાભેર અથડાઈને ડમ્પર ખાડામાં ખાબક્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ પૂલર મશીન સાથે જઈ રહેલા ડમ્પરના ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ડમ્પર બેકાબૂ બન્યું હતું. ડમ્પરના પાછળના ભાગે રસ્તાની બાજુમાં ઉભેલા વીજ થાંભલા સાથે જોરદાર ટક્કર મારી હતી. ટક્કરનો અવાજ સાંભળી આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ટક્કર બાદ ડમ્પર રસ્તાની બાજુમાં આવેલા ઊંડા ખાડામાં અર્ધપલટી ખાઈ ગયું હતું. સદનસીબે રાત્રિનો સમય



હોવાથી માર્ગ પર વાહનવ્યવહાર ઓછો હતો, જેના કારણે મોટી દુર્ઘટના થતા ટળી ગઈ હતી. આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી કે અન્ય કોઈ વાહનચાલક કે રાહદારીને ઈજા પહોંચી નથી. ઘટનાની જાણ થતા પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. ક્રેનની મદદથી ભારે જહેમત બાદ ડમ્પર અને તેની સાથે જોડાયેલું પૂલર મશીન ખાડામાંથી બહાર કાઢવામાં આવ્યું હતું. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ગુજરાત રાજ્યવ્યાપી નિબંધ સ્પર્ધાનું આયોજન

# અખિલ ભારતીય સેવાદળ દ્વારા વિશેષ પ્રેરણાદાયી આયોજન

**હસ્તલિખિત નિબંધ** મોકલવાની અંતિમ તારીખ ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૬, વિજેતાઓને મળશે આકર્ષક ઈનામો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૦

અખિલ ભારતીય સેવાદળ, વડોદરાના જિલ્લાધિનાયક હેમંતકુમાર પટેલના જણાવ્યા અનુસાર, ભૂદાન યજ્ઞના પ્રણેતા સંત વિનોબા ભાવેના જન્મ દિવસની સ્મૃતિમાં 'ઓપન ફોર ઓલ ગુજરાત' નિબંધ હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાનો મુખ્ય વિષય "વિનોબા ભાવેનું જીવન અને કાર્ય" રાખવામાં આવ્યો છે, જેમાં ૧૫ વર્ષથી ૫૦ વર્ષ સુધીની કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધકો ગુજરાતી અથવા હિન્દી ભાષામાં મહત્તમ ૧૦૦૦ શબ્દો સુધીનો નિબંધ લખી શકશે. નિબંધ ફરજિયાતપણે ફૂલસ્કેપ કાગળમાં હસ્તલિખિત (હાથથી લખાયેલો) હોવો જોઈએ. સ્પર્ધકે નિબંધમાં પોતાનું પૂરું નામ, સરનામું, જન્મ તારીખ અને મોબાઈલ નંબર અવશ્ય લખવાના રહેશે.આ હરીફાઈ અંતર્ગત પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને આકર્ષક ઈનામો આપવામાં આવશે. હસ્તલિખિત નિબંધ તા. ૧૫/૦૯/૨૦૨૬ સુધીમાં ટપાલ અથવા કુરિયર દ્વારા પ્રજ્ઞાબેન પરમાર (મંત્રી), ૫-એ, સ્નેહકુંજ સોસાયટી, ન્યુ એસ.એસ.સી. બોર્ડની ઓફિસ પાસે, નવાપુરા, વડોદરા - ૩૯૦૦૦૧ (મોબાઈલ નંબર :- ૯૪૨૮૩૦૧૦૭૧) ના સરનામે પહોંચાડી દેવાના રહેશે. ગુજરાતના તમામ નાગરિકોને આ પ્રેરણાદાયી સ્પર્ધામાં મોટી સંખ્યામાં જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે.